1. **A અને B બે ઘટનાઓ એવા પ્રકારની છે કે, P(A) = 0.54, P(B) = 0.69 અને $P(A \cap B) = 0.35$ $P(A \cup B)$ શોધો.**

➡ P(A) = 0.54, P(B) = 0.69, $P(A \cap B) = 0.35$

$$\begin{aligned} P(A \cup B) &= P(A) + P(B) - P(A \cap B) \\ &= 0.54 + 0.69 - 0.35 \\ &= 1.23 - 0.35 \\ &= 0.88 \end{aligned}$$

2. **A અને B બે ઘટનાઓ એવા પ્રકારની છે કે, P(A) = 0.54, P(B) = 0.69 અને $P(A \cap B) = 0.35$ $P(A' \cap B')$ શોધો.**

➡ P(A) = 0.54, P(B) = 0.69, $P(A \cap B) = 0.35$

$$\begin{aligned} P(A' \cap B') &= P[(A \cup B)'] \\ &= 1 - P(A \cup B) \\ &= 1 - 0.88 \\ &= 0.12 \end{aligned}$$

3. **A અને B બે ઘટનાઓ એવા પ્રકારની છે કે, P(A) = 0.54, P(B) = 0.69 અને $P(A \cap B) = 0.35$ $P(A \cap B')$ શોધો.**

➡ P(A) = 0.54, P(B) = 0.69, $P(A \cap B) = 0.35$

$$\begin{aligned} P(A \cap B') &= P(A) - P(A \cap B) \\ &= 0.54 - 0.35 \\ &= 0.19 \end{aligned}$$

4. **A અને B બે ઘટનાઓ એવા પ્રકારની છે કે, P(A) = 0.54, P(B) = 0.69 અને $P(A \cap B) = 0.35$ $P(B \cap A')$ શોધો.**

➡ P(A) = 0.54, P(B) = 0.69, $P(A \cap B) = 0.35$

$$\begin{aligned} P(B \cap A') &= P(B) - P(A \cap B) \\ &= 0.69 - 0.35 \\ &= 0.34 \end{aligned}$$

5. **એક પેટીમાં 8 લાલ, 3 સફેદ અને 9 કાળા દડાઓ આવેલા છે. તેમાંથી ત્રણ દડા યાદચ્છિક રીતે લેવામાં આવે છે. તો ઘટનાની સંભાવના મેળવો : ત્રણેય દડાઓ ભિન્ન રંગના હોય.**

➡ $\frac{7}{95}$

6. **એક પેટીમાં 8 લાલ, 3 સફેદ અને 9 કાળા દડાઓ આવેલા છે. તેમાંથી ત્રણ દડા યાદચ્છિક રીતે લેવામાં આવે છે. તો ઘટનાની સંભાવના મેળવો : એક દડો લાલ અને 2 દડા સફેદ હોય.**

➡ $\frac{18}{95}$

7. **એક પેટીમાં 8 લાલ, 3 સફેદ અને 9 કાળા દડાઓ આવેલા છે. તેમાંથી ત્રણ દડા યાદચ્છિક રીતે લેવામાં આવે છે. તો ઘટનાની સંભાવના મેળવો : ત્રણેય દડાઓ કાળા રંગના હોય.**

➡ $\frac{2}{95}$

8. **એક સમૂહમાં 3 પુરૂષો, 2 સ્ત્રીઓ અને 4 બાળકો આવેલાં છે. તેમાંથી 4 વ્યક્તિઓની પસંદગી નીચે પ્રમાણે કરવામાં આવે તો તેમની સંભાવના મેળવો : 1 પુરૂષ, 1 સ્ત્રી અને 4 બાળકો.**

➡ $\frac{2}{7}$

9. **એક સમૂહમાં 3 પુરૂષો, 2 સ્ત્રીઓ અને 4 બાળકો આવેલાં છે. તેમાંથી 4 વ્યક્તિઓની પસંદગી નીચે પ્રમાણે કરવામાં**

**આવે તો તેમની સંભાવના મેળવો : બરાબર 2 બાળકો.**

➥ $\frac{10}{21}$

**10. એક સમૂહમાં 3 પુરૂષો, 2 સ્ત્રીઓ અને 4 બાળકો આવેલાં છે. તેમાંથી 4 વ્યક્તિઓની પસંદગી નીચે પ્રમાણે કરવામાં આવે તો તેમની સંભાવના મેળવો : 2 સ્ત્રીઓ.**

➥ $\frac{1}{6}$

**11. સરખી રીતે ચીપેલાં 52 પત્તાંની થોકડીમાંથી યાદચ્છિક રીતે 4 પત્તાં ખેંચવામાં આવે છે. ખેંચવામાં આવેલાં પત્તાંમાં 3 ચોકટના અને એક કાળીનું પત્તું હોય એ ઘટનાની સંભાવના કેટલી ?**

➥ સરખી રીતે ચીપેલ 52 પત્તામાંથી 4 પત્તા ખેંચવામાં આવે છે.

$\therefore n = {}^{52}C_4$

ઘટના A = ચાર પત્તાંમાંથી ત્રણ ચોકટનાં અને એક કાળીનું પત્તું હોય.

52 પત્તામાં 13 પત્તા ચોકટનાં અને 13 પત્તા કાળીનાં હોય છે.

$\therefore r = {}^{13}C_3 \times {}^{13}C_1$

ઘટના A ની સંભાવના $P(A) = \frac{r}{n}$

$$= \frac{{}^{13}C_3 \times {}^{13}C_1}{{}^{52}C_4}$$

**12. ત્રણ વ્યક્તિઓને માટે ત્રણ પત્ર લખાઈ ગયા છે અને દરેક માટે સરનામું લખેલ એક પરબીડિયું છે. પત્રોને યાદચ્છિક રીતે પરબીડિયામાં મૂક્યા છે. પ્રત્યેક પરબીડિયામાં એક જ પત્ર છે. ઓછામાં ઓછો એક પત્ર પોતાના સાચા પરબીડિયામાં મૂકાયો છે. તેની સંભાવના શોધો.**

➥ ત્રણ વ્યક્તિઓને માટે ત્રણ પત્ર લખાઈ ગયા છે. અને દરેક માટે સરનામું લખેલ એક પરબીડિયું છે. પ્રત્યેક પરબીડિયામાં એક જ પત્ર છે. પત્રો પોતાનાં સાચા પરબીડિયામાં એક જ રીતે મૂકી શકાય છે.

$\therefore$ પત્રો સાચા પરબીડિયામાં મૂકવાની સંભાવના $= \frac{1}{3}$

ઘટના A = ઓછામાં ઓછો એક પત્ર પોતાના સાચા પરબીડિયામાં મૂકાય.

$\therefore P(A) = 1 - P$ (બધાં જ પત્રો સાચા પરબીડિયામાં મૂકાય.)

$$= 1 - \frac{1}{3}$$

$$= \frac{2}{3}$$

**13. એક પેટીમાં 10 લાલ, 20 ભૂરી અને 30 લીલી લખોટીઓ છે. તે પેટીમાંથી 5 લખોટીઓ યાદચ્છિક રીતે કાઢવામાં આવે છે. તો,**

**(i) બધી લખોટીઓ ભૂરી હોય. (ii) ઓછામાં ઓછી એક લખોટી લીલી હોય તેની સંભાવના કેટલી ?**

➥ પેટીમાં લખોટીઓની સંખ્યા,

લાલ લખોટી = 10

ભૂરી લખોટી = 20

લીલી લખોટી = 30

કુલ = 60

પેટીમાંથી પાંચ લખોટીઓ યાદચ્છિક રીતે કાઢવામાં આવે છે.

$\therefore n = 60\ C_5$

(i) ઘટના A = બધી લખોટીઓ ભૂરી હોય.

$\therefore\ r = 20\ C_5$ ($\because$ ભૂરી લખોટીઓની સંખ્ય 20 છે.)

$\therefore$ ઘટના A ની સંભાવના $P(A) = \frac{r}{n}$

$= \frac{^{20}C_5}{^{60}C_5}$

(ii) ઘટના B = ઓછામાં ઓછી એક લખોટી લીલી હોય.

$\therefore$ ઘટના B' = બધી જ લખોટીઓ લીલી હોય.

લીલી લખોટીઓની સંખ્યા 30 છે.

$\therefore\ r = 30\ C_5$

$\therefore\ P(B') = \frac{r}{n} = \frac{^{30}C_5}{^{60}C_5}$

હવે $P(B) = 1 - P(B')$

$= 1 - \frac{^{30}C_5}{^{60}C_5}$

**14. એક પાસાની બે બાજુઓમાંથી પ્રત્યેક પર સંખ્યા '1' દર્શાવેલ છે. ત્રણ બાજુઓમાં પ્રત્યેક પર સંખ્યા '2' દર્શાવેલ છે અને એક બાજુ પર સંખ્યા '3' છે. જો આ પાસાને એકવાર ફેંકવામાં આવે તો નીચે આપેલ સંભાવના શોધો :**

**(i) P(2) (ii) P(1 અથવા 3) (iii) P (3 નહિ)**

➡ આપેલ પ્રયોગ માટે નિદર્શાવકાશ S = {1, 1, 2, 2, 2, 3}

$n = 6$

પાસાને એક વાર ફેંકવામાં આવે છે.

(i) P(2) = પાસા ઉપર 2 આવે તે ઘટનાની સંભાવના

અહીં $r = 3$

$\therefore\ P(2) = \frac{r}{n} = \frac{3}{6} = \frac{1}{2}$

(ii) P(1 અથવા 3) = પાસા ઉપર 1 અથવા 3 આવે તે ઘટનાની સંભાવના

$\therefore\ r = 3$

$\therefore$ P(1 અથવા 3) $= \frac{r}{n} = \frac{3}{6} = \frac{1}{2}$

(iii) P(3 નહીં) = પાસા ઉપર 3 ન આવે તે ઘટનાની સંભાવના

P(3) = પાસા પર 3 આવે તે ઘટનાની સંભાવના

$\therefore\ P(3) = \frac{1}{6}$

P(3 નહીં) = 1 − P(3)

$= 1 - \frac{1}{6} = \frac{5}{6}$

**15. એક લોટરીની દસ સમાન ઈનામવાળી 10,000 ટિકિટ વેચવામાં આવી છે. જો તમે (a) એક ટિકિટ (b) બે ટિકિટ ખરીદો છો. (c) 10 ટિકિટ ખરીદો છો તો કોઈપણ ઈનામ ન મળે તેની સંભાવના શોધો.**

➡ વેચાયેલ કુલ ટિકિટ = 10000

ઈનામની કુલ સંખ્યા = 10

(a) જો આપણે એક ટિકિટ ખરીદીએ તો,

ઘટના A (ઈનામ મળે)ની સંભાવના $= \frac{10}{10000}$

$= \frac{1}{1000}$

$\therefore$ ઘટના $\overline{A}$ (ઈનામ ન મળે)ની સંભાવના $= 1 - \frac{1}{1000}$

$= \frac{1000 - 1}{}$

$$= \frac{999}{1000}$$

(b) જો આપણે બે ટિકિટ ખરીદીએ તો,

ઈનામ ન મળે તેવી ટિકિટોની સંખ્યા = 10,000 − 10

= 9990

બે ટિકિટ ખરીદે અને ઈનામ ન મળે તે ઘટનાની સંભાવના

$$= \frac{^{9990}C_2}{^{10000}C_2}$$

(c) જો આપણે 10 ટિકિટ ખરીદીએ તો,

ઈનામ ન મળે તેની સંભાવના $= \frac{^{9990}C_{10}}{^{10000}C_{10}}$

**16. 100 વિદ્યાર્થીઓમાંથી 40 અને 60 વિદ્યાર્થીઓના બે વર્ગ બનાવ્યા છે. જો તમે અને તમારો એક મિત્ર 100 વિદ્યાર્થીઓમાં છો તો,**

**(a) તમે બન્ને એક જ વર્ગમાં છો તેની સંભાવના શું છે ?**

**(b) તમે બન્ને અલગ અલગ વર્ગોમાં છો તેની સંભાવના શું છે ?**

➡ 100 વિદ્યાર્થીઓમાંથી 40 અને 60 વિદ્યાર્થીઓનાં બે વર્ગ બનાવ્યા છે. 100 વિદ્યાર્થીઓનાં તમે અને તમારો મિત્ર છે.

$\therefore n = {}^{100}C_2 = 50 \times 99 = 4950$

(i) ઘટના A = તમે બંને એક જ વર્ગમાં હોય.

$\therefore r = {}^{40}C_2 + {}^{60}C_2$

$= \frac{40 \times 39}{2} + \frac{60 \times 59}{2}$

$= (20 \times 39) + (30 \times 59)$

$= 780 + 1770$

$= 2550$

$\therefore P(A) = \frac{r}{n} = \frac{2550}{4950} = \frac{17}{33}$

(ii) ઘટના B = બંને અલગ અલગ વર્ગમાં હોય.

$\therefore r = 40\ C_1 + 60\ C_1 = 40 \times 60$

$\therefore P(B) = \frac{r}{n} = \frac{40 \times 60}{4950} = \frac{16}{33}$

**17. એક સંસ્થાનાં કર્મીઓમાંથી 5 કર્મીઓને વ્યવસ્થા સમિતિ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ પાંચ કર્મીઓની વિગતો નીચે દર્શાવેલ છે :**

| ક્રમ | નામ | જાતિ | ઉંમર (વર્ષમાં) |
|---|---|---|---|
| 1 | હરીશ | પુ | 30 |
| 2 | રોહન | પુ | 33 |
| 3 | શીતલ | સ્ત્રી | 46 |
| 4 | એલિસ | સ્ત્રી | 28 |
| 5 | સલીમ | પુ | 41 |

**આ સમૂહમાંથી પ્રવક્તાનાં પદ માટે યાદચ્છિક રીતે એક વ્યક્તિને પસંદ કરવામાં આવી છે. પ્રવક્તા પુરૂષ હોય અથવા 35 વર્ષથી વધારે ઉંમરના હોય તેની સંભાવના શું થશે ?**

➡ એક સંસ્થાનાં કર્મીઓમાંથી 5 કર્મીઓને વ્યવસ્થા સમિતિ માટે પસંદ કરવામાં આવે છે. જેની વિગતો કોષ્ટકમાં દર્શાવેલ છે.

કુલ કર્મીઓની સંખ્યા $n = 5$

ઘટના A = પ્રવક્તા પુરૂષ હોય.

પાંચ કર્મીઓમાંથી હરીશ, રોહન અને સલીમ એ ત્રણ પુરૂષો છે.

$\therefore P(A) = \frac{3}{5}$

ઘટના B = પ્રવક્તા 35 વર્ષથી વધારે ઉંમરના હોય.

35 વર્ષથી વધારે ઉંમરનાં બે પ્રવક્તા છે. શીતલની ઉંમર 46 છે. તથા સલીમની ઉંમર 41 છે.

$\therefore P(B) = \frac{2}{5}$

ઘટના $A \cap B$ = પ્રવક્તા પુરૂષ હોય અને 35 વર્ષથી વધારે ઉંમરનો હોય.

$\therefore$ પ્રવક્તા પુરૂષ હોય અને 35 વર્ષથી વધારે ઉંમરનો હોય તેવો એક જ છે. સલીમ પુરૂષ છે. તથા તેની ઉંમર 41 વર્ષની છે.

$\therefore P(A \cap B) = \frac{1}{5}$

હવે $A \cup B$ = પ્રવક્તા પુરૂષ હોય અથવા 35 વર્ષથી વધારે ઉંમરના હોય.

$\therefore P(A \cup B) = P(A) + P(B) - P(A \cap B)$

$= \frac{3}{5} + \frac{2}{5} - \frac{1}{5}$

$= \frac{4}{5}$

**18. 0, 1, 3, 5 અને 7 અંકોના ઉપયોગથી (i) પુનરાવર્તન સહિત (ii) પુનરાવર્તન સિવાય ગોઠવણી કરતાં 5 વડે વિભાજ્ય હોય એવી 4 અંકોની સંખ્યા બને તેની સંભાવના શોધો.**

➡ **(i)** આપણે 5000 થી મોટી ચાર અંકોની સંખ્યા 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી પુનરાવર્તન સહિત મેળવીએ.

| હજાર | સો | દશક | એકમ |
|---|---|---|---|

હજારનાં અંકમાં 5 અથવા 7 આવી શકે.

$\therefore$ હજારનું સ્થાન 2 રીતે ભરી શકાય.

બાકીનાં ત્રણ સ્થાન એટલે કે એકમ, દશક અને સો નું સ્થાન 0, 1, 3, 5 અને 7 વડે ભરી શકાય. કારણ કે પુનરાવર્તન સહિત લેવાનું છે. પરંતુ હજારનાં સ્થાનમાં 5 હોય ત્યારે એકમ, દશક અને સો નાં સ્થાનમાં 0 લઈએ તો સંખ્યા 5000 બને. આપણે સંખ્યા 5000 થી મોટી લેવાની છે.

$\therefore$ 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની સંખ્યા = $(2 \times 5 \times 5 \times 5) - 1$.

($\because$ 5000 લેવાનાં નથી.)

$= 249$

હવે સંખ્યા 5 વડે વિભાજ્ય બને તે માટે એકમનાં સ્થાનમાં 0 અથવા 5 હોય. અર્થાત્ એકમનું સ્થાન 2 રીતે ભરી શકાય.

$\therefore$ 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની 5 વડે વિભાજ્ય સંખ્યા = $(2 \times 5 \times 5 \times 2) - 1$

$= 99$

$\therefore$ માંગેલ સંભાવના $= \frac{99}{249}$

$= \frac{33}{83}$

**(ii)** હવે 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની પુનરાવર્તન સિવાય સંખ્યા મેળવીએ.

| હજાર | સો | દશક | એકમ |
|---|---|---|---|

હજારનું સ્થાન 2 રીતે ભરી શકાય. 5 અથવા 7.

હજારનાં સ્થાનમાં લઈએ તો જ સંખ્યા 5000 થી મોટી મળે. હવે પુનરાવર્તન કરવાનું ન હોવાથી બાકીનાં ત્રણ સ્થાનો $4 \times 3 \times 2$ રીતે ભરી શકાય.

$\therefore$ 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની પુનરાવર્તન સિવાય મળતી સંખ્યા = $2 \times 4 \times 3 \times 2$

$= 48$

હવે સંખ્યા 5 વડે વિભાજ્ય થાય તે માટે એકમનાં સ્થાનમાં 0 અથવા 5 હોવા જોઈએ.

$\Rightarrow$ એકમનાં સ્થાનમાં શૂન્ય હોય ત્યારે હજારનું સ્થાન બે રીતે ભરી શકાય તથા દશક અને એકમનું સ્થાન અનુક્રમે 3 અને 2 રીતે ભરી શકાય.

➡ **(i)** આપણે 5000 થી મોટી ચાર અંકોની સંખ્યા 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી પુનરાવર્તન સહિત મેળવીએ.

| હજાર | સો | દશક | એકમ |
|---|---|---|---|

હજારનાં અંકમાં 5 અથવા 7 આવી શકે.

∴ હજારનું સ્થાન 2 રીતે ભરી શકાય.

બાકીનાં ત્રણ સ્થાન એટલે કે એકમ, દશક અને સો નું સ્થાન 0, 1, 3, 5 અને 7 વડે ભરી શકાય. કારણ કે પુનરાવર્તન સહિત લેવાનું છે. પરંતુ હજારનાં સ્થાનમાં 5 હોય ત્યારે એકમ, દશક અને સો નાં સ્થાનમાં 0 લઈએ તો સંખ્યા 5000 બને. આપણે સંખ્યા 5000 થી મોટી લેવાની છે.

∴ 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની સંખ્યા = $(2 \times 5 \times 5 \times 5) - 1$.

(∵ 5000 લેવાનાં નથી.)

$= 249$

હવે સંખ્યા 5 વડે વિભાજ્ય બને તે માટે એકમનાં સ્થાનમાં 0 અથવા 5 હોય. અર્થાત્ એકમનું સ્થાન 2 રીતે ભરી શકાય.

∴ 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની 5 વડે વિભાજ્ય સંખ્યા = $(2 \times 5 \times 5 \times 2) - 1$

$= 99$

∴ માંગેલ સંભાવના $= \frac{99}{249}$

$= \frac{33}{83}$

**(ii)** હવે 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની પુનરાવર્તન સિવાય સંખ્યા મેળવીએ.

| હજાર | સો | દશક | એકમ |
|---|---|---|---|

હજારનું સ્થાન 2 રીતે ભરી શકાય. 5 અથવા 7.

હજારનાં સ્થાનમાં લઈએ તો જ સંખ્યા 5000 થી મોટી મળે. હવે પુનરાવર્તન કરવાનું ન હોવાથી બાકીનાં ત્રણ સ્થાનો $4 \times 3 \times 2$ રીતે ભરી શકાય.

∴ 0, 1, 3, 5 અને 7 નો ઉપયોગ કરી 5000 થી મોટી 4 અંકોની પુનરાવર્તન સિવાય મળતી સંખ્યા = $2 \times 4 \times 3 \times 2$

$= 48$

હવે સંખ્યા 5 વડે વિભાજ્ય થાય તે માટે એકમનાં સ્થાનમાં 0 અથવા 5 હોવા જોઈએ.

⇒ એકમનાં સ્થાનમાં શૂન્ય હોય ત્યારે હજારનું સ્થાન બે રીતે ભરી શકાય તથા દશક અને એકમનું સ્થાન અનુક્રમે 3 અને 2 રીતે ભરી શકાય.

**19. કોઈ પેટીના તાળામાં ચાર આંટા લાગે છે. તેનામાં પ્રત્યેક પર 0 થી 9 સુધી 10 અંક છાપેલા છે. તાળું ચાર આંકડાઓના એક વિશેષ ક્રમ (આંકડાઓના પુનરાવર્તન સિવાય) અનુસાર જ ખૂલે છે. એ વાતની શું સંભાવના છે કે કોઈ વ્યક્તિ પેટી ખોલવા માટે સાચા ક્રમની જાણ મેળવી લે ?**

➥ પેટીનાં તાળામાં ચાર આંટા છે. પ્રત્યેક પર 0 થી 9 સુધી 10 અંકો છાપેલા છે. તાળા પરનાં આંટાને $10 \times 9 \times 8 \times 7$ પ્રકારે ગોઠવી શકાય. કારણ કે અંકોનું પુનરાવર્તન કરવાનું નથી.

∴ તાળા પરની ગોઠવણીનાં કુલ પ્રકારો = $10 \times 9 \times 8 \times 7$

$= 5040$

આ બધી ગોઠવણીમાંથી ફક્ત એક જ ગોઠવણી વડે તાળું ખૂલી શકે.

∴ માંગેલ સંભાવના $= \frac{1}{5040}$.

**20. પ્રથમ 200 પ્રાકૃતિક સંખ્યાઓમાંથી એક સંખ્યા પસંદ કરવામાં આવે છે. પસંદ કરેલ સંખ્યા 6 અથવા 8 વડે વિભાજ્ય હોય તેની સંભાવના મેળવો.**

➥ $\frac{49}{200}$

**21. એક વિદ્યાર્થીની A, B, C અને D ગ્રેડ મેળવવાની સંભાવના અનુક્રમે 0.50, 0.40, 0.20 અને 0.15 છે. તો વિદ્યાર્થી (i) B અથવા C ગ્રેડ મેળવે. (ii) ઓછામાં ઓછો C ગ્રેડ મેળવે તેની સંભાવના મેળવો.**

➥ **(i) 0.60 (ii) 0.35**

**22. A અને B પરસ્પર નિવારક ઘટનાઓ છે. $P(A) = 0.28$, $P(B) = 0.38$ હોય તો (i) $P(A \cup B)$, (ii) $P(A \cap B)$, (iii) $P(A \cap B')$ તથા $P(A' \cap B')$ મેળવો.**

➥ **(i) 0.66 (ii) 0 (iii) 0.25 (iv) 0.34**

23. 0, 2, 3, 5 અંકોનો ઉપયોગ કરી પુનરાવર્તન સિવાય 5 વડે વિભાજ્ય હોય તેવી ચાર અંકોની સંખ્યા બને તેની સંભાવના મેળવો.

➥ $\frac{5}{9}$

24. નિયમિત ષષ્ટકોણનાં છ શિરોબિંદુમાંથી ત્રણ શિરોબિંદુઓ પસંદ કરવામાં આવે છે. આ ત્રણ શિરોબિંદુઓ વડે સમબાજુ ત્રિકોણ મેળવવાની સંભાવના કેટલી ?

➥ $\frac{1}{10}$

25. બે સમતોલ પાસાને ઉછાળવામાં આવે છે. તેમની ઉપર મળતી સંખ્યાઓનો સરવાળો 3 અથવા 4 વડે વિભાજ્ય ન હોય તેની સંભાવના મેળવો.

➥ $\frac{4}{9}$